**DATE: 17/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ટાબરિયાઓ અંકલેશ્વરથી ટ્રેનમાં મુંબઇ, અમદાવાદ, સુરત અને ભરૂચ સુધી ગયાં

# જીતાલીના 3 ટાબરિયા ફરવા ઘરેથી નીકળી ગયાં, પરિવાર ચિંતિત બન્યો, આખરે મળ્યાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના જીતાલી ગામ આવેલી સિલ્વર સિટી સોસાયટીમાં છોટેલાલ શાહ 13 જુલાઈએ નોકરી પરથી પરત આવતા દીકરી ભાઈ કશે જતો રહ્યો હોવાનું કહ્યું હતું. પિતા એ સોસાયટીમાં તપાસ કરતા તેમનો પુત્ર 15 વર્ષીય આકાશ સાથે લાલ બચ્ચન શાહનો 12 વર્ષનો અપુ અને શ્રવણ મંડલનો 13 વર્ષનો ઉમેશ પણ ગાયબ હતો. સોસાયટી ના સીસીટીવી ચેક કરતા ત્રણેય બાળકો સાંજે 4 કલાકે રિક્ષામાં બેસી જતા નજરે પડ્યા હતા. જવા બાદ ત્રણેય કિશોરોના પરિજનો અને સોસાયટી ના રહીશોએ દરેક જગ્યાએ તપાસ કરી હતી. બીજા દિવસે ત્રણેય બાળકો સુરત ફરવા ગયા હોવાની ખબર પડતાં સુરતમાં પણ તપાસ કરાઈ હતી. ત્રણ દિવસ સુધી બાળકોને કોઈ પત્તો નહિ મળતા અંતે અંકલેશ્વર ગ્રામ્ય પોલીસ મથકે 3 બાળકોના અપહરણ અંગે ફરિયાદ નોંધાવાઈ છે. જે બાદ પોલીસે બાળકો ની સઘન સર્ચ કરવાની શરૂઆત કરી હતી રેલ્વે સ્ટેશન બસ સ્ટેશન થી લઇ વિવિધ પોલીસ મથક માં ત્રણે બાળકો બી વિગતો મોકલી આપી હતી. દરમિયાન ત્રણે બાળકો સહી સલામત ઘરે આવી જતા પરિવાર હાશકારો અનુભવ્યો હતો. ત્રણે ને પોલીસ મથકે લઇ આવી વિશ્વાસ સંપાદન કરી પૂછપરછ કરતા પોલીસ પણ તેમના ગુમ થવા પાછળ નું કારણ જાણી રમૂજ ફેલાઈ ગઈ હતી.

## ત્રણ દિવસમાં મુંબઈથી અમદાવાદ વચ્ચે ફર્યાં

અંકલેશ્વરથી ત્રણેય ટ્રેનમાં વિના ટિકિટ મુંબઈ પહોંચી ગયા હતા જ્યાં ટી.સી. એ પકડાતા 500 રૂપિયા દંડ આપી છૂટી ગયા બાદ પરત તેઓ ટ્રેનમાં અંકલેશ્વર જવા બેઠા તો સીધા અમદાવાદ પહોંચી ગયા હતા. ત્યાંથી પાછા ટ્રેન માં બેસી સુરત પહોંચ્યા હતા. જો કે સુરત થી પરત અંકલેશ્વર માટે નીકળતા ભરૂચ પહોંચી ગયા હતા લોકો ને પૂછી ને ટ્રેન માં બેસતા હતા.આખરે ભરૂચથી ટ્રેનમાં બેસી અંકલેશ્વર પહોંચ્યાં અને ઘરે આવી ગયા હતા.

### ભરૂચ હનુમાનજીના ટેકરા ખાતે મહેફિલ જમાવી

# જુગાર રમતાં 7 ઝડપાયા 25 હજારનો મુદ્દામાલ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના હનુમાનજી ટેકરા પાસે વિષ્ણુ મેડિકલ એજન્સી સામે જાહેરમાં જુગાર રમતાં 7 જણાને પોલીસે ઝડપી પાડ્યાં હતાં.

ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઇ એસ. બી. સરવૈયા તેમજ તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે વેળાં તેમણે ચોક્કસ બાતમીના આધારે હનુમાનજીના ટકેરા ખાતે આવેલાં વિષ્ણુ મેડિકલ એજન્સીની સામે જાહેરમાં જામેલી જુગારની મહેફિલ પર દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ પડતાં જુગારીયાઓમાં દોડધામ મચી ગઇ હતી. જોકે, પોલીસે જુગાર રમતાં રાજેશ વસાવા, જયદીપ જગતાપ, ધવલ માછી, સાબિર દિવાન, હર્ષિલ મિસ્ત્રી, ગિરીશ વસાવા અને કિરણ વસાવાને ઝડપી પાડ્યાં હતાં. જોકે સંજય મિસ્ત્રી નામનો શખ્સ નાસી છુટ્યો હતો. ટીમે સ્થળ પરથી અંગઝડતીના તેમજ દાવપર લાગેલાં કુલ 10 હજારથી વધુની રોકડ રકમ તેમજ ત્રણ મોબાઇલ મળી 25 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ટીમે તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### દારૂ પહોંચાડનાર બે બૂટલેગર વોન્ટેડ જાહેર

# જંબુસરના વાવલી ગામે 45 હજારના દારૂ સાથે બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | જંબુસર જંબુસર

પોલીસને મળેલ બાતમીનાં આધારે વાવલી ગામે પોલીસે રેડ પાડતાં દશરથભાઈ રણછોડભાઈ ઠાકોર નામના બુટલેગરને ઝડપી પાડ્યો હતો તેની પાસેથી વિદેશી દારૂની બોટલ નંગ - 13 જેની અંદાજિત કિંમત રૂપિયા 5890 તેમજ પાઉચ નંગ ચાર જેની કિંમત રૂપિયા - 400તેમજ એક મોટરસાયકલ જેની કિંમત રૂપિયા ૨૫૦૦૦ તેમજ એક મોબાઈલ કિંમત રૂપિયા 5000 અને ખિસ્સામાંની રોકડ રકમ રૂપિયા 700 મળી કુલ રૂપિયા 36990 ના મુદ્દા માલ સાથે ઝડપાઈ ગયો હતો જ્યારે બીજો બુટલેગર વાવલી ગામનો જ ઈન્દ્રવદન ઉર્ફે ભૈલું પાટણવાડીયા પાસેથી બોટલ નંગ - ૨૫ જેની કિંમત રૂપિયા 2500 તેમજ બીયર ટીન ની કિંમત રૂપિયા 700 તેમજ એક મોબાઈલ જેની કિંમત રૂપિયા 5000 આમ કુલ 8200 રૂપિયાના મુદ્દા માલ સાથે ઝડપાઈ ગયો હતો. ઉપરોક્ત બંને વાવલી ગામના આરોપીઓ 45190 રૂપિયાના મુદ્દા માલ સાથે ઝડપાઈ ગયા હતા.

**DATE: 17/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### એલસીબીએ નવા કાંસીયા ગામેથી રીઢા ચોરને ઝડપી પાડ્યો

# અંકલેશ્વર-વાલિયામાં ત્રણથી વધુ ચોરીને અંજામ આપનાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

વાલિયા તાલુકાના કોંઢ ગામ ખાતે આવેલ રોયલ વિન્ટેજ બંગ્લોઝ તસ્કરો સોના ચાંદી ના દાગીના સહીત રોકડ રકમની ચોરી કરી ફરાર થઇ ગયા હતા જે અંગે વાલિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ઘટના અંગે એલસીબી પી.આઈ ઉત્સવ બારોટ દ્વારા સ્થળ તપાસ કરી હતી અને તે આધારે અલગ અલગ ટીમ બનાવી પ્રથમ સીસીટીવી રૂટ પર થી મળ્યા હતા જેનું એનાલિસિસ કરી હ્યુમન ઈન્ટેલિજન્સ ની મદદ થી તપાસ શરુ કરી હતી ચોરી નો આરોપી નવા કાસીયા ગામ ના ટેકરી ફળીયા માં હોવાની ચોક્કસ માહિતી મળી હતી જે આધારે પી.એસ.આઈ. એ.એસ.ચૌહાણના નેતૃત્વ હેઠળ એક ટીમ નવા કાસીયા ગામ ખાતે પહોંચી હતી જ્યાં ટેકરી ફળીયુ વિસ્તારને કોર્ડન કરી સર્ચ કરતા માહિતી આધારિત રીઢા ચોર ઉં,ઉમેશ દયાળભાઈ બગડીયા મળી આવ્યા હતા મૂળ બોટાદ ના રહેવાસી ઉમેશ બગડીયા એ પોલીસ પ્રાથમિક પૂછપરછમાં યોગ્ય જવાબ ના આપતા પોલીસે તેના ઊંડાણ પૂર્વક પૂછપરછ શરુ કરતા વાલિયા ની ચોરીની કબૂલાત કરવા સાથે અંકલેશ્વર તાલુકામાં તેમજ જીઆઈડીસી માં પણ ચાલુ વર્ષે 2 ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ચોરી નો મુદામાલ અંદાડા ગામ ખાતે આવેલ શ્રી કરણી માતા જ્વેલર્સ ખાતે વેચી દે તો હોવાની પણ કબૂલાત કરી હતી.

**DATE: 18/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ગૃહમંત્રી અમિત શાહની વર્ચ્યુઅલ હાજરીમાં અંકલેશ્વરની બેઇલ કંપનીમાં પ્રક્રિયા હાથ ધરાઇ

# 9 જિલ્લામાંથી ઝડપાયેલા 2614 કરોડના 4277 કિલો ડ્રગ્સનો નાશ

## 9 એસ.પી અને ડીઆઈજી ક્રાઈમના અધિકારી પણ હાજર, ઈન્સિનરેટરમાં ડ્રગ્સનો નિકાલ કરાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

રાજ્યમાં 9 જિલ્લા માં પકડાયેલા 2614 કરોડ રૂપિયાના 4277 કિલો ડ્રગ્સનો નાશ અંકલેશ્વરની બેઈલ કંપનીમાં સોમવારના રોજ નાશ કરવામાં આવ્યો હતો. બેલ કંપનીમાં ગૃહમંત્રી અમિત શાહની વર્ચ્યુઅલ હાજરીમાં 9 જિલ્લાના એસ.પી અને ડી.આઈ.જી ક્રાઈમ ની હાજરીમાં બેઈલ કંપનીના ઈન્સિનરેટરમાં નાખી બાળીને નાશ કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, કેન્દ્ર સરકાર ડ્રગ્સ મુક્ત ભારત બનાવવા માટે માદક દ્રવ્યો સામે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ અપનાવી છે ત્યારે સોમવારના રોજ સમગ્ર દેશમાં 1.44 લાખ કિલોથી વધુ ડ્રગ્સનો નાશ કરવામાં આવ્યો હતો.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની વર્ચ્યુઅલ હાજરીમાં નશીલા પદાર્થોનો નાશ કરાયો હતો. કોર્ટની જરૂરી મંજૂરી મેળવી અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ બેલ ઈન્ફ્રાસ્ટ્રકચર કંપનીના ઈન્સિનરેટર પ્લાન્ટ ખાતે રાજ્યના સીઆઈડી ક્રાઈમ ડી.આઈ.જી પરિક્ષિતા રાઠોડની અધ્યક્ષતામાં એટીએસ સહિત રાજ્યના 9 જિલ્લામાંથી ઝડપાયેલા હેરોઈન , અફીણ, ગાંજો, ચરસ, કોડીન, આલ્પ્રાઝોલમ ટેબ્લેટ,પોષ ડોડા, ડોડાનો ભૂકો સહિત 4277 કિલો ડ્રગ્સની કિંમત રૂપિયા 2614 કરોડના જથ્થાનો વૈજ્ઞાનિક ઢબે ઈન્સિલેન્ટર માં નાખી નાશ કરવામાં આવ્યો હતો.



### તમામ સુરક્ષાઓ વચ્ચે 9 એસપીના નીરિક્ષણમાં ડ્રગ્સનો નાશ કરાયો

*રાજ્યોના ડ્રગ ટ્રાફિકિંગની ઓનલાઈન ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતા માથા મીટીંગ હતી. જેમાં ગુજરાત એ.ટી.એસ અને રાજ્યમાંથી 9 જિલ્લામાં પકડાયેલા 2614 કરોડ રૂપિયાના 4277 કિલોગ્રામ એન.ડી.એક્સના મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો છે. ડ્રગ્સનો નાશ કરવા માટેની મજૂરી મળતાં તમામ મુદ્દામાલ બેઈલ કંપનીમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં 9 જિલ્લાના એસપીના નિરિક્ષણમાં અને તમામ સુરક્ષા વચ્ચે ડ્રગ્સના જથ્થાનો વૈજ્ઞાનિક ઢબે નાશ કરવામાં આવ્યો છે.* **પરિક્ષિતા રાઠોડ,** ડી.આઈ.જી, સી.આઈ.ડી ક્રાઈમ ગુજરાત રાજ્ય.

### ક્યા ક્યા ડ્રગ્સનો નાશ કરવામાં આવ્યો ?

| ડ્રગ | વજન | કિંમત |
|---|---|---|
| ગાંજો | 395.663 કિલો | 26,67,532 |
| હેરોઈન | 412 કિલોગ્રામ | 2060 કરોડ |
| મેથામ્ફેટામાઈન | 60 કિલોગ્રામ | 420 કરોડ |
| કોડીન ફ્રેવીની | નશીલી દવા502 બોટલ | 59,983 |
| આલ્પ્રાઝોલમ | 190 નંગ ટેબ્લેટ | 456 રૂપિયા |
| પોષડોડા | 3542.235 કિ.ગ્રા | 1,06,05,612 |
| અફીણ | 5.162 કિલોગ્રામ | 77,384 |
| ચરસ | 278 ગ્રામ | 2,780 |
| ડોડા નો ભૂકો | 2 કિલો 80 ગ્રામ | 2,080 |

### ક્યા જિલ્લામાંથી કેટલો મુદ્દામાલ આવ્યો ?

| જિલ્લા | ડ્રગ્સના પ્રકાર | કિંમત |
|---|---|---|
| એ.ટી.એસ | હેરોઈન, મેથામ્ફેટામાઈન | 2680 કરોડ |
| વડોદરા | પોશ ડોડા, ગાંજો, અફીણ ચરસ, અને ડોડા ભૂકો | 2,78,328 |
| પંચમહાલ /ગોધરા | પોશ ડોડા, ગાંજો અને કોડીનની બોટલ, આલ્પ્રાઝોલમ | 1 કરોડ |
| સુરત ગ્રામ્ય | ગાંજો | 12,19,120 |
| ખેડા-નડિયાદ | પોષ ડોડા | 2,04,045 |
| મહેસાણા | ગાંજો | 91,340 |
| સુરેન્દ્રનગર | પોશ ડોડા, ગાંજો, અફીણ | 12,55,235 |
| પશ્ચિમ કચ્છ | ગાંજો | 38,820 |
| ભાવનગર | ગાંજો | 3,09,570 |

**DATE: 18/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### નદી કિનારે બેરિકેટ સહિતની સુવિધા કરાઇ

# નાંદ ગામે 18 વર્ષે યોજાનારા મેળાની તૈયારીઓનું નિરીક્ષણ

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં દર 18 વર્ષે અધિક શ્રાવણ મહિનામાં નાંદ ગામે ધાર્મિક મહત્વ ધરાવતાં મેળાનું આયોજન કરવામાં આવે છે. ત્યારે 18મી જૂલાઈથી શરૂ થનારા મેળામાં ભરૂચ જિલ્લા સહિત રાજ્યભરમાંથી ભાવિકભક્તો ઉમટશે. અને દેવ દર્શન સાથે નર્મદા નદીમાં સ્નાન કરી ધન્યતા અનુભવશે. ત્યારે મેળાના આયોજનને એક તરફ અંતિમ ઓપ અપાઇ ગયો છે. ત્યારે એસપી ડો. લીના પાટીલે મામલતદાર તેમજ તાલુકા વિકાસ અધિકારી તેમજ નાંદ ગામના સરપંચ ઉપસરપંત અને આગેવાનો સાથે તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. મેળામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જરૂરી સુચનાઓ આપવા સાથે નદી કિનારે બેરીકેટ અંગે તમામ સગવડ ઉભી કરવા જણાવ્યું હતું. ઉપરાંત મેળામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા નબીપુર પીએસઆઇ તેમજ સર્કલ ઈન્સ્પેક્ટરને સૂચના આપી હતી.

**DATE: 18/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# જંબુસર પોલીસ લાઈન ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાંઆવ્યો



**જંબુસર|** જંબુસર પોલીસ લાઈન ખાતે પોલીસ ઇન્સ્પેક્ટર વી.એન રબારી તથા એસ.પી.સી.ના વિધાર્થીઓ ધ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો.આ પ્રસંગે એસ.પી.સી. ડી.આઈ.વિપુલ ભાઈ ચૌહાણ, રાઈટર હેડ પૂર્ણિમા બેન,પોલીસ કોન્સ્ટેબલ કનકસિંહ ઝાલા, શૈલેષ પટેલ તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

**DATE: 18/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ભરૂચ એલસીબીની ટીમે દરોડો પાડતાં દોડધામ

# વાલીયાના પીઠોર ગામમાંથી દારૂ સાથે એક આરોપી પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

ભરૂચ એલસીબીએ તેની ટીમ સાથે વાલિયા તાલુકાના પીઠોર ગામે બાતમીના આધારે રેડ કરી વિદેશી દારૂના જથ્થા સાથે વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી પાડી દારૂ વેચનાર અન્ય બુટલેગરને વોન્ટેડ જાહેર કરી વાલિયા પોલીસ સ્ટેશનમાં કાયદેસર પ્રોહીબિશનનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે વાલિયા તાલુકાના પીઠોર ગામના તળાવ ફળિયામાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક બુટલેગરને ઝડપી લીધો હતો.ભરૂચ જિલ્લામાં દારૂ જુગારની પ્રવૃત્તિ અટકાવવા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચને આદેશ કરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.એલસીબી પીઆઈ ઉત્સવ બારોટના પીએસઆઈ એ.એસ.ચૌહાણ ટીમ સાથે વાલિયા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે આ અરસામાં બાતમી મળેલ વાલિયાના પીઠોર ગામે તળાવ ફળિયા ખાતે રહેતો નરેશ ઠાકોર વસાવાએ પોતાના ઘરની પાછળ વાડામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી વેચાણ કરે છે. એલસીબીની ટીમને મળેલ બાતમીના આધારે બાતમીવાળા સ્થળે રેડ કરતા ઘરના વાડાના ભાગેથી વિદેશી દારૂ અને બિયરના ટીન 252 નંગ મળી કુલ 37 હજારનો જથ્થો મળી આવ્યો હતો. વિદેશી દારૂના જથ્થો અને રોકડા 5 હજાર મળી 42 હજારના મુદ્દામાલ સાથે નરેશ ઠાકોરભાઈ વસાવા તળાવ ફળિયું પીઠોરને ઝડપી ઉમરપાડાના રવિને વોન્ટેડ જાહેર કર્યો હતો.

DATE: 18/07/2023 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–04

# જંબુસરમાંથી 1 જુગારી ઝડપાયો ત્રણ ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના જંબુસરમાં ચંદ્રાયની ટાંકી પાસે ખુલ્લામાં 4 જુગારીઓ જુગાર રમી રહ્યા હતા.ત્યારે પોલીસનસ બાતમી મળી હતી કે ત્યારે સ્થળ પર દરોડો પડતા 4 જુગારી પૈકી એક પોલીસના હાથે ઝડપાયો અને 3 જુગારીએ નાસી છૂટ્યા હતા અને સ્થળ પરથી 11620 નો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો.અતુલ બાવનજી માકડીયા પોલીસના હાથે ઝડપાય ગયો હતો અને ફરાર આરોપીને પકડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

**DATE: 19/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### ૧૫ દિવસ પહેલાં આરોપીના ઘરે હથિયાર સંતાડ્યું હતું

# અંકલેશ્વરમાં પિસ્તોલ વેચવા ગ્રાહકને શોધતો આરોપી ઝબ્બે

## પોલીસે એક આરોપીને ઝડપી પાડ્યો, અન્ય એકને વોન્ટેડ જાહેર

। અંકલેશ્વર ।

ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમે અંકલેશ્વરના GIDC વિસ્તારના મારુતિધામ-૨માં રહેતા એક વ્યકતિ પાસેથી એક પિસ્તલ અને ૫ કારતુસ મળીને કુલ ૨૯ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. એસઓજી આરોપીને ઝડપી અન્ય એક ઈસમને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચ SOGની ટીમ પેટ્રોલીંગમાં હતાં તે સમયે ASIને માહિતી મળી હતી કે.



મારુતિધામ-૨ ના મકાન નંબર રહેતા બબલુકુમાર નરેશ મંડલે મકાનમાં પીસ્તલ સંતાડી છે. ટીમે રેઈડ કરતાં બબલુકુમાર નરેશ મંડલ મળી આવ્યો હતો. તલાશી લેતા મકાનની બહાર લાકડાં હટાવી જોતા થેલીમાંથી એક પીસ્તલ, પાંચ નંગ જીવતા કારતુસ અને મોબાઈલ મળીને કુલ રૂા.૨૯,૦૦૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે પોલીસે બબલુ કુમાર મંડલ વિરુદ્ધ ગુનો નોંધી વોન્ટેડ આરોપી મુકેશ વાસુદેવ મંડલને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે. બબલુકુમારે જણાવ્યું હતું કે,આ હથિયાર ૧૫ દિવસ પહેલા વોન્ટેડ આરોપી મુકેશ વાસુદેવ મંડલ બિહારથી લઈને મારા ઘરે આવ્યો હતો.

# અંકલેશ્વરના અવાદર ગામે જાહેરમાં જુગાર રમતાં ત્રણ શખ્સ ઝડપાયા

અંકલેશ્વર,તા.૧૮

અંકલેશ્વર તાલુકાના અવાદરગામમાં પતા પાનાનો જુગાર ખેલતા સાત પૈકી ત્રણ જુગારીઓને પોલીસે રંગે હાથ ઝડપી લીધા હતા.

અંકલેશ્વર તાલુકા પોલીસને બાતમી મળી હતી કે અવાદર ગામે મંદીર ફળીયાની આંબલીના ઝાડ નીચે ખુલ્લામાં કેટલાક લોકો પત્તા પાના પૈસા વડે હારજીતનો જુગાર રમે છે તેના આધારે રેડ કરતા ત્રણ જેટલા જુગારીઓ ઝડપાઈ ગયા હતા. પોલીસે દાવ ઉપરના રોકડા રૂ.૩૬૦૦ તથા તેઓની અંગઝડતી માંથી રોકડા રૂ.૭૧૦૦ મળી રોકડા રૂપીયા ૧૦,૭૬૦ તેમજ જુગારના સાધનો તથા બે મોબાઈલ કિં. ૧૦,૦૦૦ તથા બે ટુ વ્હીલર કિ.રૂ. ૩૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૦,૭૦૦ ના મુદ્દામાલ સાથે ત્રણેયની અટકાયત કરી હતી. અન્ય ચાર ઈસમો ભાગી જતા તેમને વોન્ટેડ જાહેર કરી તેઓની શોધખોળ હાથ ધરી હતી.

**DATE: 19/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# લીમોદરામાં જુગાર રમતી મહિલા ઝડપાઈ

ઝઘડિયા: ઝઘડિયા પોલીસ પેટ્રોલિંગમાં હતા. ત્યારે લીમોદરાના સુકવણા ફળિયામાં રહેતી રંજન શૈલેષ વસાવા તેના ઘરની આગળના ભાગે બેસી આંક ફરકના આંકડા લખી ગેરકાયદે જુગાર રમાડે છે. આથી પોલીસે રેડ કરતાં રંજન વસાવા પકડાઈ ગઈ હતી. પોલીસે ઘટના સ્થળેથી આંકડા લખેલી સ્લીપ, રોકડા રૂ.૧૧,૪૧૦, બે મોબાઈલ કિં. રૂ.૨૦ હજાર મળી રૂ.૩૧,૪૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે વંઠેવાડના અનિલ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 20/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# 11 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો સારોદ ગામેથી જુગાર રમતાં પાંચ ખેલી પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકામાં આવેલાં સારોદ ગામે જુગાર રમતાં 5 શખ્સોને વેડચ પોલીસે ઝડપી પાડ્યાં હતાં. ટીમે જુગારિયાઓ પાસેથી 11 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જંબુસર તાલુકામાં આવેલાં સારોદ ગામે સલેટીયા ચોકડી પાસે આદિલની વાડીમાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી વેડચ પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો.

જ્યાં પતરાના શેડ નીચ જુગાર રમતાં પાંચ જુગારી આદિલ ગુમાલ પટેલ, સલીમ અબ્દુલ્લા પટેલ, એયુબ મુસા માય, યુનુસ સુલેમાન ભાટીયા તેમજ ઈલ્યાસ અબ્દુલ્લા ટંકારીવાલાને પોલીસે તેમની પાસેથી અંગઝડતીમાંથી તેમજ દાવ પર લાગેલાં રૂપિયા મળી કુલ 11 હજારથી વધુની રકમ જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 20/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ટ્રાફિકની સમસ્યા નાથવા વન-વે રૂટ જાહેર કર્યો

# નાંદ ગામનો મેળો શરૂ: એસટી, આરોગ્ય વિભાગની ટીમો તૈનાત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના નાંદ ગામે દર 18 વરસે યોજાતી યાત્રાનો મંગલ પ્રારંભ થઇ ગયો છે. ત્યારે નાંદ ખાતે વહીવટીતંત્ર દ્વારા યાત્રાળુઓ માટે અલાયદી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. ઉપરાંત ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે વનવે પણ જાહેર કરવામાં આવ્યો છે.

ભરૂચ તાલુકામાં આવેલા નાંદ ગામે 18 જૂલાઇથી શરૂ થયેલાં અધિકમાસ સાથે ગામમાં 18 વર્ષે યોજાતા મેળાની પણ શરૂઆત થઇ ગઇ છે. જે ૧૬ ઓગષ્ટ સુધી ભરાનાર મેળામાં લોકોને કોઇ તકલીફ ન પડે તે માટેની તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મેળામાં આજુબાજુનાં ગામોમાંથી તેમજ સમગ્ર ગુજરાત રાજ્યમાંથી તથા અન્ય રાજ્યોમાંથી ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થવાની સંભાવના છે. આ મેળામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ બંદોબસ્ત, રોગચાળો ફાટી ન નિકળે તે માટે જિલ્લા આરોગ્ય તંત્રને તૈનાત કરવામાં આવશે. પાર્કીંગ, મોબાઈલ ટોયલેટ, પિવાના પાણી અને સ્વચ્છતાની જાળવવા માટે ખાસ અલાયદી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

એસટી વિભાગ દ્વારા યાત્રામાં આવતા યાત્રાળુઓ માટે બસની સુવિધા ઉભી કરવામાં આવી છે. પ્રતિ કલાકે એક એસ. ટી. બસ નબીપુર- સમરોદ થઈ નાંદ ગામ જશે અને અન્ય એક બસ નાંદ ગામથી ઝનોર થઈ ભરૂચ આવશે. ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે વન- વે રૂટની વ્યવસ્થા કરવામાં આવી છે.

**DATE: 20/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### આગામી તહેવારોને અનુલક્ષીને પોલીસ તંત્ર દ્વારા આગોતરી કામગીરી

# ભરૂચ શહેર, દહેજ અને અંકલેશ્વરમાં એક સાથે કોમ્બિંગનું આયોજન કરાયું

### ૧૬ પીઆઈ, ૧૪ પીએસઆઈ તેમજ ૧૫૦થી વધુ પોલીસ કર્મચારી જોડાયા

। ભરૂચ ।

અધિક શ્રાવણ માસ સાથે હવે તહેવારો અને પર્વોના દિવસો શરૂ થયા છે ત્યારે પોલીસ તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી આગોતરૂ આયોજનના ભાગરૂપે ભરૂચ જિલ્લા પોલીસવડા ડો.લીના પાટીલના માર્ગદર્શન હેઠળ કોમ્બિંગનું આયોજન કરાયુ હતુ.

આ કોમ્બિંગમાં ભરૂચ શહેર, દહેજ તથા અંકલેશ્વરના જુદા જુદાવિસ્તારોમાં કોમ્બિંગ અંગેની અસરકારક કામગીરી કરવામાં આવી હતી. ભરૂચ જિલ્લા પોલીસ તંત્રના જુદા જુદા વિભાગો દ્વારા સામુહિક રીતે એક સાથે અંકલેશ્વરના જુદા જુદા વિસ્તારો તેમજ ભરૂચના મકતમપુર અને અન્ય વિસ્તારોમાં સફળતા પુર્વક કોમ્બિંગ નાઈટમાં નાયબ પોલીસ અધિક્ષકના સુપરવિઝર હેઠળ ભરૂચ જિલ્લા પોલીસની અલગ અલગ ટીમો સક્રિય થઈ હતી. જેમાં ભરૂચ સી.ડીવીઝન પોલીસ, સ્ટેશન વિસ્તાર, દહેજ પોલીસ સ્ટેશન વિસ્તાર તેમજ અંકલેશ્વર શહેર વિસ્તારમાં કોમ્બિંગનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

લોકલ ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ, પેરોલ ફ્લો સ્કોડ, ક્યુઆરટી, બોમ્બ સ્કોડ ટીમ સહિત ભરૂચ જિલ્લા પોલીસ તંત્રની લગભગ તમામ પોલીસ સ્ટેશનની ટીમો આ કોમ્બિંગમાં સક્રિય થઈ હતી. જ્યારે સ્ટાફમાં ૧૬ પીઆઈ, ૧૪ પીએસઆઈ તેમજ ૧૫૦ થી વધુ પોલીસ તંત્રના કર્મચારીઓએ કોમ્બીંગની કામગીરી કરી હતી.

### કોમ્બિંગ દરમિયાન પોલીસ દ્વારા થયેલી કામગીરી

- મોટરવ્હીલ એકટ મુજબ ૧૬૬ વાહનો જપ્ત કરાયા
- ૮૩ જેટલા મકાન માલિકોએ કાયદાનો ભંગ કરેલ હોવાથી ગુનો દાખલ કરાયો
- પ્રોહિબીશન અંગે ૬૧ વ્યકિતઓ સામે ગુના દાખલ કરાયા
- બહારથી આવેલ ૩૭૬ જેટલા વ્યકિતઓના બી રોલ ભરવામાં આવ્યા
- જીપીએકટ ૧૩૫ મુજબ બે કેસો કરવામાં આવ્યા

# ભરૂચ પોલીસે ટ્રાફિક નિયમો ભંગ કરતાં 572 વાહનચાલકો પાસેથી 2.97 લાખનો દંડ વસૂલ્યો

## **ટ્રાફિકનાં** દૂષણ નાથવા પોલીસની કાર્યવાહી

ભરૂચ: ચોમાસા સાથે ભરૂચ શહેરમાં ઝાડેશ્વર, નર્મદા, જંબુસર ચોકડી, દહેજ બાયપાસ, શ્રવણ ચોકડી ઉપર ટ્રાફિકજામની સમસ્યા ઘેરી બની રહી હતી. ત્યારે ભરૂચ જિલ્લા અને શહેર ટ્રાફિક પોલીસ, એ, બી અને સી ડિવિઝનના અધિકારીઓ અને સ્ટાફ ટ્રાફિકની સમસ્યા હલ કરવામાં વિવિધ સ્પોટ અને ચોકડીઓ પર ગોઠવાઈ ગયા હતા. રોંગ સાઈડ આવતા વાહનચાલકો, જ્યાં ત્યાં આડેધડ વાહન પાર્કિંગ, ઓવરલોડ પેસેન્જર, સીટ બેલ્ટ, લાયસન્સ, પીયૂસી, ફેન્સી નંબર પ્લેટ સહિતના કાયદાનો ભંગ કરતા લોકો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરાઈ હતી. ભરૂચ જિલ્લા ટ્રાફિક પી.આઈ. એસ.કે. ગામીતે જણાવ્યું હતું કે, 13થી 18 જુલાઈ 6 દિવસમાં 572 વાહનચાલકને પકડી રૂ.2.97 લાખનો દંડ કરાયો છે, જેમાં 104 વાહન ડિટેઇન કરાયાં છે. આડેધડ ઊભી રહેતી 6 લક્ઝરી બસને પણ કાયદાના સાણસામાં લેવાઈ છે. રોંગ સાઈડ આવતાં 19 વાહન સામે કાર્યવાહી કરાઈ છે. ઓવર સ્પીડ બદલ 44 કેસમાં દંડનીય કામગીરી કરાઈ છે. રોફ જમાવવા મોડીફાઇડ કરાયેલા બુલેટચાલકો પણ પોલીસની રડારમાંથી બચી શક્યા નથી. બાકી અન્ય 405 કેસ સીટ બેલ્ટ, લાઇસન્સ, પીયુસી વગરના, વધુ પેસેન્જર બેસાડતા, ટ્રાફિકને અડચણરૂપ, ફેન્સી નંબર પ્લેટ, ટ્રાફિક નિયમોના ભંગના કરાયા છે.

### 40 કિમીની ગતિ મર્યાદાનું ઉલ્લંઘન, રોંગ સાઈડ અંગે કાર્યવાહી

# અંકલેશ્વર - ભરૂચ રોડ પર ટ્રાફિક પોલીસે વાહન ચાલકોને દંડ ફટકાર્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ - અંકલેશ્વર વચ્ચે ના માર્ગ ઉપર તેમજ નર્મદા મૈયા બ્રિજ પર વધી રહેલા અકસ્માત ના બનાવો ને રોકવા માટે ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અંકલેશ્વર ભરૂચ વચ્ચે ના માર્ગ તેમજ આ માર્ગ ઉપર આવેલ નર્મદા મૈયા બ્રિજ પરથી પસાર થતા તમામ વાહનોની 40 કિલોમીટરની ગતિ મર્યાદા સાથે નો જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ભરૂચ જિલ્લા ટ્રાફિક પોલીસ ના પી આઈ એસ કે ગામીત ના માર્ગદર્શન હેઠળ જિલ્લા ટ્રાફિક પોલીસ ની ટીમ તેમજ અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકના પી,આઈ યુ.વી.ગડરિયા સ્ટાફ સાથે ગતિ મર્યાદા માપવા માટેના સ્પીડોમીટર સાથે નર્મદા મૈયા બ્રિજ પર અને અંકલેશ્વર ભરૂચ વચ્ચે ના રોડ ઉપર ચેકિંગ હાથ ધર્યું હતું .જેમાં 40 કિલોમીટર થી વધારે ગતિ થી પસાર થતા વાહન પર દંડની કાર્યવાહી કરવામાં આવી હતી. અંકલેશ્વર થી ભરૂચ જતા માર્ગ પર વિશેષ ગાડી માં સ્પીડોમીટર મૂકી વાહનો ની ગતિ તપાસ કરવામાં આવી હતી. દૂર થી જ ગતિ ની જાણ થતા સાથે રોડ ઉપર તૈનાત ટ્રાફિક પોલીસ જવાન અને બી ડિવિઝન પોલીસ ના ને જાણ કરી વાહન થંભાવી દંડ કરવામાં આવ્યો હતો. એસટી બસ થી લઈ તમામ વાહનો ની ગતિ મર્યાદા જિલ્લા ટ્રાફિક દ્વારા ચકાસવામાં આવી હતી. તેમજ વધુ સ્પીડિ જતી વાહનોના ચાલકો ને દંડ ફટકાર્યો હતો અને વાહન ચાલકો ને 40 ની ગતિ મર્યાદા અંગે જરૂરી સૂચનો કર્યા હતા

**DATE: 21/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–09**

# અંકલેશ્વરની હોટલના પાર્કિંગમાંથી ૧૧ ટન શંકાસ્પદ કેમિકલનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર : અંકલેશ્વર હાઈવેને અડીને આવેલ હોટલોના પાર્કિંગમાં કેમિકલ સહીત ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા તત્વો શંકાસ્પદ વસ્તુઓ ટેન્કરોમાં લાવી પાર્ક કરતા હોવાના અનેક કિસ્સા સામે આવ્યા છે. અંકલેશ્વર બી- ડિવિઝન પોલીસ સ્ટાફ નાઈટ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન બાતમીના આધારે તપાસમાં સહયોગ હોટલના પાર્કિંગમાં ઉભેલ ટેન્કરમાં શંકાસ્પદ કેમિકલનો જથ્થો જણાતાં પોલીસે૧૧ ટન શંકાસ્પદ કેમિકલ અને ટેન્કર મળી કુલ રૂ. ૫ લાખના મુદ્દામાલ સાથે ટેન્કર ચાલકની અટકાયત કરી તપાસ હાથ ધરી છે.

**DATE: 21/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–03**

# અંકલેશ્વરમાં વિદેશી દારૂના જથ્થા સાથે બે મહિલા સહિત ૪ બૂટલેગર ઝડપાયા

અંકલેશ્વર તા.૨૦

અંકલેશ્વરના ચાર અલગ અલગ સ્થળોએથી વિદેશી દારૂના જથ્થા સાથે બે મહિલા સહિત ચાર બુટલેગરોને પોલીસે ઝડપી પાડ્યા હતા.

## કુખ્યાત બૂટલેગર સહિત ત્રણને વોન્ટેડ જાહેર કર્યા

અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસે મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો.તે દરમિયાન બાતમી મળી હતી કે ગણેશ પાર્કની બાજુમાં ખુલ્લા મેદાનમાં એક ઈસમ વિદેશી દારૂનું વેચાણ કરે છે જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂનો જથ્થો મળી ૩ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી ગાર્ડન સિટીમાં રહેતા બૂટટલેગર વિષ્ણુકુમાર મોહનલાલ બિશ્નોઈને ઝડપી પાડ્યો હતો.ભરૂચ એલસીબીએ પાંચસો ક્વાટર્સ સહીત બે સ્થળોથી બે મહિલાઓને ૩૦ નંગ બોટલ મળી કુલ ૩ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડી હતી.

અંકલેશ્વર એ ડીવીઝન પોલીસે બાતમીના આધારે હસ્તી તળાવ ગાયત્રી મંદિર પાસેથી કુખ્યાત બુટલેગર ઈમરાન ઉર્ફે મરઘી દિલાવર દિવાનને વિદેશી દારૂની ૨૪ નંગ બોટલ સાથે ઝડપી પાડ્યો હતો.જ્યારે કુખ્યાત બુટલેગર જીગ્નેશ કિરીટ પરીખ,ચંદ્રેશ કરશન વસાવા સહીત ત્રણને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી હતી.

**DATE: 22/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# ઝઘડિયામાં લૂંટના ગુનામાં આઠ મહિનાથી ફરાર આરોપી ઝડપાયો

ભરૂચ, ઝઘડિયા: ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા પોલીસમથકમાં નોંધાયેલી લૂંટના ગુના હેઠળ છેલ્લા આઠેક મહિનાથી નાસતા ફરતા આરોપીને કામરેજ ખાતેથી ઝડપી લીધો હતો. ઉચ્ચ અધિકારીઓ તરફથી જિલ્લામાં વોન્ટેડ અને નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા જિલ્લાના પોલીસ વિભાગને સૂચના આપી હતી. તેના અનુસંધાને ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચ પીઆઇ ઉત્સવ બારોટે એલસીબીના અધિકારીઓ અને કર્મચારીઓને આવા વોન્ટેડ આરોપીઓને ઝડપી લેવા માર્ગદર્શન આપ્યું હતું. દરમિયાન એલસીબી પીએસઆઇને બાતમી મળી હતી કે, ઝઘડિયા પોલીસમથકમાં નોંધાયેલા લૂંટના ગુના હેઠળ છેલ્લા આઠેક મહિનાથી પોલીસ પકડથી બચવા નાસતો ફરતો આરોપી વિકેશ ઉર્ફે ગલ્લો રવિદાસ વસાવા (રહે., ભમાડિયા, તા.વાલિયા, જિ.ભરૂચ)સુરતની કામરેજ ચોકડી પાસે એક ગેરેજ પાસે જોવામાં આવ્યો છે. એલસીબી ટીમે કામરેજ ચોકડી ખાતે જઈ તપાસ કરતાં આ ઇસમ ઝડપાઈ ગયો હતો. એલસીબીએ આ ઇસમ પાસેથી એક નંબર પ્લેટ વગરની બાઇક કબજે લીધી હતી. એલસીબીની ટીમે આ ઇસમને અંકલેશ્વર રૂરલ પોલીસમથકે સોંપી આ બાબતે ઝઘડિયા પોલીસને જાણ કરી હતી.

**DATE: 22/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–02**

### ઝઘડિયા તાલુકાના મુલદ ગામેથી

# વિદેશી દારૂના જથ્થા સાથે બૂટલેગર ઝડપાયો : અન્ય બૂટલેગર વોન્ટેડ

ઝઘડિયા,તા.૨૧

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના મુલદ ગામેથી પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. જ્યારે આ દારૂનો જથ્થો જેની પાસેથી આવ્યો હતો તે બૂટલેગરને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી લેવા કવાયત હાથ ધરી હતી.

ઝઘડિયા પોલીસમાંથી મળતી વિગતો મુજબ ઝઘડિયા પોલીસને પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, મુલદ ગામે રહેતો નરેશ શાંતિલાલ વસાવા તેના ઘરે વિદેશી દારૂનું વેચાણ કરે છે. પોલીસે બાતમી મુજબના સ્થળે જઈને છાપો મારતા નરેશના ઘરમાં ટેબલની નીચે સંતાડેલી વિદેશી દારૂની બોટલો અને બીયરના ટીન મળી આવ્યા હતાં. પોલીસે કુલ રૂા.૨૬,૧૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી નરેશ વસાવાને ઝડપી લઈ તેની પૂછપરછ કરતાં આ દારૂનો જથ્થો તેને અનિલ વસાવા (રહે.ગામ વાડી તા.ઉમરપાડા જિ.સુરત) એ આપ્યો હોવાનું જણાવતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કરીને બંને સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**- જાહેરખબર મેનેજર**

**DATE: 22/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ભરૂચ તાલુકા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી

# ભાડૂઆતની નોંધણી નહીં કરતાં 9 માલિકો સામે ફરિયાદ નોંધાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકા પોલીસ દ્વારા વિસ્તારમાં ભાડૂઆત અંગેની નોંધણી નહીં કરનારા મકાન માલિકો સામે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં કંથારિયા તેમજ બાયપાસ પરની સોસાયટીઓમાં ચેકિંગ હાથ ધરતાં કુલ 9 મકાન માલિકોએ ભાડૂઆત અંગેની નોંધણી કરી ન હોવાનું માલુમ પડતાં ટીમે તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચપોલીસ દ્વારા ભાડૂઆતો અંગેની નોંધણી નહીં કરાવનારા મકાન માલિકો સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. ભાડૂઆત અંગેની નોંધણી નહીં કરનારા મકાન માલિકો સામે કાર્યવાહી હાથ ધરી હતી. જેના ભાગરૂપે ભરૂચ તાલુકા પોલીસની ટીમે તેમના વિસ્તારમાં ખાસ ચેકિંગ કર્યું હતું. જેમાં ટીમે કંથારિયા ગામમાં ચેકિંગ કરતાં ખાનજી સ્ટ્રીટમાં એક, સોહેલપાર્કમાં 2, નેશનલ પાર્કમાં 1 તેમજ ગરીબ નવાઝ સોસાયટીમાં 4 મકાન માલિકો તેમજ બાયપાસ પર આવેલી રેહાન પાર્કમાં એક મકાન માલિકે તેમના મકાનમાં ભાડૂઆતો રાખવા છતાં સ્થાનિક પોલીસ સ્ટેશનમાં તે અંગેની નોંધણી નહીં કરી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેના પગલે પોલીસે તમામ વિરૂદ્ધ જાહેરનામા ભંગ અંગેનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 22/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં ઈમરાન મરઘીને દારૂ આપનાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે ગત રોજ હસ્તી તળાવ વિસ્તારમાં એકટીવા મોપેડ પર દારૂ લઈ જતા કુખ્યાત ઈમરાન ઉર્ફે મરઘી ને ઝડપી પાડ્યો હતો તેની પાસેથી 24 બોટલ મળી પોલીસે 2400 રૂપિયાનો દારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો. જ્યારે દારૂ આપનાર કલ્પેશ સંજય સોમૈયાને વોન્ટેડ જાહેર કર્યો હતો. દારૂ સપ્લાય કરનાર કલ્પેશ સંજય સોમૈયાને શહેર એ ડિવિઝન પોલીસે ગણતરીના સમયમાં ઝડપી પાડી ઈંગ્લીશ દારૂનો જથ્થો ક્યાંથી અને કોની પાસે થી લાવ્યો એ અંગે વધુ પૂછપરછ આરંભી હતી.

### અંસાર માર્કેટના મુસ્લિમ બિરાદર હાજર રહ્યાં

# અંકલેશ્વરમાં તાજીયા પર્વને લઈ શાંતિ સલામતીની બેઠક

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી ડિવિઝન ખાતે આવનાર તાજીયા ને લઈને શાંતિ અને સલામતી ની બેઠક યોજાઈ હતી. અંસાર માર્કેટ તમામ મુસ્લિમ બિરાદર હાજર રહી પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકે પી.આઈ. વી.યુ.ગડરિયા ની અધ્યક્ષતા માં શાંતિ સમિતિ બેઠક યોજવામાં આવી હતી. જેમાં મોહરમ ના જુલુસ તેમજ તેના રૂટ અંગે ચર્ચા વિમર્શ કરાઈ હતી. તેમજ ઉત્સવ શાંતિપૂર્ણ રીતે પાર પડે અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ તે માટે પી.આઈ. દ્વારા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તો શાંતિ સમિતિ ના સભ્યો તેમજ તાજીયા કમિટી ના સભ્યો જોડે ચર્ચા કરી હતી. જેમાં તેમના સૂચનો આવ્યા હતા જેને પોલીસ દ્વારા નોંધવામાં આવ્યા હતા.તો બેઠકના અંતે કાયદો અને વ્યવસ્થા જળવાય તેવી અપીલ પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવી હતી.

**DATE: 23/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વરની શિક્ષિકાના નામે કરોડોની લોન લીધી હતી

# અંકલેશ્વરની કાર ઠગાઈના કેસમાં અન્ય રાજ્યમાંથી 4 રિકવર કરાઈ



ભાસ્કર ન્યૂઝ|અંકલેશ્વર

અંકલેશ્વરમાં ભાગીદારીમાં મિત્ર ધંધો સેટ કરી આપવાના બહાને સરકારી નોકરી કરતી શિક્ષિકાના નામે લોન લઈને લક્ઝુરિયસ કારો ખરીદી કરોડોની છેતરપિંડી કરાઈ હતી. તેનો ગુનો અંકલેશ્વર શહેર પોલિસ મથકમાં નોંધાયો હતો. આ મામલે ભરૂચ SOG પોલીસે ગુનામાં ગયેલ ચાર ફોરવ્હીલ ગાડી ઓ અલગ અલગ રાજ્યોમાંથી રીકવર કરી છે.

અંકલેશ્વરની શિક્ષિકાના પતિને ભાગીદારીના ખાસ મિત્ર એ ટ્રાવેલ્સના ધંધામાં લાખોની કમાણી ના સ્વપ્ન બતાવી શિક્ષિકા અને તેના પતિને ભોળવી તેમના નામે અલગ અલગ બેંકમાંથી રૂ. 2.06 કરોડની લોન લઈ ભરૂચ, વડોદરા, અંકલેશ્વર, મુંબઈ તથા રાયપુર ખાતેના જુદાજુદા શોરૂમમાંથી 14 નવી નક્કોર લક્ઝુરિયસ કાર ખરીદી રફુચક્કર થઈ ગયા હતા.

આ મામલે શિક્ષિકાએ અંકલેશ્વર પોલીસ મથકમાં છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી હતી. જે બાદ ભરૂચ એસઓજીએ મહાઠગાઈ કાંડમાં સંડોવાયેલાં ભરૂચના વસ્ટીયા એવા સમીર મહારાઉલજી ને ઝડપી પાડ્યો હતો. આ મામલે SOG પોલીસે ગુનાની ગંભીરતા જાણીને ગુનાના આરોપી ઓ તથા ગાડી ની શોધખોળ કરવાની કામગીરી અન્વયે પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ.ચૌધરી એ અલગ અલગ ટીમો બનાવી સીસીટીવી, ટેકનિકલ સોર્સ, હ્યુમન સોર્સથી ઊંડાણપૂર્વક તપાસ કરીને તપાસ હાથ ધરી હતી.તમામ ટીમોને ટીમ અલગ અલગ રાજ્યોમાં જઈ સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સોર્સ, હ્યુમન સોર્સથી છત્તરપુર (એમપી) થી સિલ્વર કલરની સ્કોર્પિયો, લખનઉ (યુપી) અને મહારાષ્ટ્રથી બે કાળા કલરની થાર અને નાગપુરથી એક કાળા કલરની થાર મળીને કુલ ચાર ગાડી એસ.ઓ.જી પોલીસે ઝડપી પાડીને ગુનાના કામે રિકવર કરી છે.જોકે હાલમાં પણ પોલીસ પકડથી નાસતા ફરતા માસ્ટર માઈન્ડ આરોપી રાહુલ ઉર્ફે સચિન ગિરીશ શાહ,ભોલા રતિલાલ શિખ્ખાંચિયા અને ઝડપી પાડવાની તજવીજ થવાની છે.

## કોઈને કાર વેચી તો ક્યાંક ગિરવે મુકી

અંકલેશ્વરની શિક્ષિકાને છેતરી તેમની કાર લઈ ગયાં બાદ અન્ય રાજ્યમાં લોકોને ભોળવી ઓછા રૂપિયામાં તેમની કાર વેચી દીધી હતી. કેટલાંક કિસ્સામાં કાર વેચાય ન તો તેઓએ કાર ગિરવે મુકી દીધી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. હાલમાં મુખ્ય સુત્રધારોના સગડ મેળવાના પ્રયાસ ચાલું છે તેમની ધરપકડ થયે તેમની એમઓનો પર્દાફાશ થશે. - એ. એ. ચૌધરી, પીઆઈ, એસઓજી.